**<u>ક્રિમીનલ કેસ નં.૪૮૫૭૮/૨૦૨૫ના કામે આંક–૦૧ નીચે હુકમ ::</u>**

– રેકર્ડ વંચાણે લીધુ. આ કામે આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ–**૬૫ એ એ, ૧૧૬.બી, ૯૮.૨** મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ.

– આરોપીને ધોરણસરની બજવણી થતા તેઓ કોર્ટ રૂબરૂ હાજર થઈ પોતે સ્વેચ્છાપુર્વક ગુના કબુલાત અંગેની પુરસીસ આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પોતાનો પ્રથમ ગુનો છે તથા ભવિષ્યમાં ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપી આ ઉપરાંત ગરીબ વર્ગના હોવાનું તથા ઘરમાં ભરણપોષણ કરનાર એક જ વ્યકિત હોવાની રજુઆત કરેલ છે. તેમજ પ્લી રેકર્ડ કરતાં, ગુનાની કબુલાત કરતા, કેસ કાર્યવાહી આગળ ચલાવેલ નથી.

– નામદાર કેરાલા હાઈકોર્ટના સંતોષ વિ. સ્ટેટ ઓફ કેરાલા નો ચુકાદો કે જે ૨૦૦૩(૧), કે.એલ.જે. પાના નં.૭૯૫ ઉપર પ્રસિધ્ધ થયેલ. જેમાં નામદાર કેરાલા હાઈકોર્ટ તથા નામદાર અલ્હાબાદ હાઈકોર્ટના રામકિશન વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના ૧૯૯૬ સી.આઈ.આઈ.એલ. જે પાના નં.૪૪૬૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવવામાં આવેલ છે કે, આરોપી પોતાનો કેસ ચલાવવાની માંગણી પરત ખેંચી ટ્રાયલ દરમ્યાન કોઈપણ તબકકે ગુનો કબુલ કરી શકે છે. નામદાર હાઈકોર્ટના સદરહું ચુકાદાને ધ્યાને લેતા આરોપીને નવેસરથી તેના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીઓએ કબુલાત આપેલ છે. અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઈઓ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો છે. આ ઉપરાંત ઘરમાં કમાનાર એક જ વ્યકિત છે. ભવિષ્યમાં આવો ગુનો નહીં કરે તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

– સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લીધી. નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૧૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકદો વંચાણે લેતા સદર કામે આરોપીએ ગુના કબુલાતની પુરસીસમાં જણાવેલ કારણો યોગ્ય અને ન્યાયી જણાઈ આવે છે. આ કાયદાનો રીફોરમેટીવ હેતુ લક્ષમાં રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

– આ કામના **આરોપી ચેતન મુકેશભાઈ બારૈયા**નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની **કલમ–ર૭૫** અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–**૬૫ એ એ, ૧૧૬.બી, ૯૮.ર** મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી, મજકુર કલમના ભંગ બદલ **રૂા.૧૧૦૦/– (અંકે રૂપિયા એક હજાર એકસો પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ન ભરે તો દિન–૦૩ ની સાદી કેદનો સજાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે કરેલ મુદામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ બિનશરતી કાયમ કરવામાં આવે છે. જો મુદામાલ વાહન અંગે વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તે મુદામાલ વાહન તેના મુળ માલીકને માલીકી અને ઓળ ખની ખરાઈ કરીને અપીલ સમય બાદ પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબજે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ/નિકાલ કરવો.

– હુકમ આજરોજ તારીખ–૧૩મી, માહે–ડીસેમ્બર, સને–ર૦ર૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૧ર–ર૦ર૫.
સ્થળ: રાજકોટ.

**(દિપાલી દીનેશચંદ્ર શાહ)**
બીજા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
રાજકોટ.જજ કોડ નં.જીજે૦૧૫૫૧

**ફોજદારી દંડની રકમ રૂા.૧૧૦૦/– એક હજાર એકસો પુરા**
**દંડની પહોંચ નં. ........... તા. / /ર૦ર૫**
**થી વસુલ લીધી.**

**સુપ્રી./નાજીર**
**ચીફ જયુડી. મેજી. કોર્ટ, રાજકોટ.**